# મોડાસા આર્ટસ કોલેજના યુવાન અધ્યાપકની જાગૃતાને પગલે ૩૨ નાગરિકો જીવતા ભૂજાતાં બચ્યા

## છોટાહાથી ડાલામાં આગ લાગતા અંદર બેઠેલ ૩૨ વ્યક્તિઓને બહાર કાઢ્યા

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના બાઠીવાડા ગામના ૩૨ અબાલ વૃદ્ધ સૌ કોઈ દિવાળી પર્વ નીમીત્તે યાત્રાધામ ફાગવેલ દર્શન કરી વહેલી સવારે ઘસઘસાટ ગાઢ નિદ્રામાં છોટા હાથીમાં પરત ફરી રહ્યા હતા. ત્યારે બાબલીયા-જીતપુર રોડ પર ડાલાના નીચેના ભાગે આગ લાગતા બાઈક લઈ પસાર થતા મોડાસા આર્ટસ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવતા હાર્દિક પંચાલે બાઈક ડાલા પાછળ ભગાવી ડાલાના ડ્રાઈવરને ઈશારો કરી અટકાવી ડાલામાં આગ લાગી હોવાનું જણાવતા ડ્રાઈવરે ડાલુ રોડ સાઈડ અટકાવી ડાલામાં મુસાફરી કરતા તમામ મુસાફરોને નીચે ઉતારતા આગમાં સ્વાહા થતા આબાદ બચાવ થતા તમામ લોકો અધ્યાપક યુવાનનો આભાર માન્યો હતો.



મોડાસા આર્ટસ કોલેજમાં ફરજ બજાવતા હાર્દિક પંચાલે દિવાળી પર્વની વહેલી સવારે બાબલીયા-જીતપુર ચોકડી નજીકથી પસાર થતા હતા ત્યારે રોડ પરથી પસાર થતા પીક અપ ડાલામાં આગ લાગી હોવાનું ધ્યાને પડતા તાબડતોડ પીક-અપ ડાલાનો પીછો કરી અટકાવતા ડાલામાં ગાઢ નિંદ્રામાં સુતેલા ૩૨ વ્યક્તિઓને ડાલામાં આગ લાગી હોવાનું જણાવતા આગ વિકરાળ સ્વરૂપ ધારણ કરે તે પહેલા તમામ લોકો સહીત ડ્રાઈવર કૂદી પડયા હતા. પીક-અપ ડાલામાં લાગેલી આગ પર કાબુ મેળવવા હાર્દિક પંચાલે બાઈક પર નજીકના ગામેથી મિનરલ પ્લાન્ટ પરથી ઠંડા પાણીના જગ લઈ આવી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આગમાં ૩૨ જિંદગી હોમાતી બચતા બચેલા દર્શનાર્થીઓએ યુવાન ભગવાનનો દૂત બની આવ્યો હોવાની લાગણી અનુભવી હતી.

# પડાપટ ગામે રસ્તા પરથી નીકળવા બાબતે ઝગડો થતા ચાર વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૧૨

પોશીના તાલુકાના પડાપાટ ગામે બેસતા વર્ષના દિવસે રસ્તા પરથી પસાર થવા બાબતે થયેલા ઝગડામાં ચાર જણાએ ભેગા મળી ઝગડો કરી બે જણાને ઈજા પહોંચાડી હોવાની ફરીયાદ ભાઈબીજના દિવસે પોશીના પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે પડાપાટ ગામના બાબુભાઈ નાથાભાઈ ડાભીએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ બેસતાવર્ષના દિવસે દિલીપભાઈ કરીયાણાની દુકાનેથી ઈન્દુભાઈ નાથાભાઈ ડાબીના ઘર આગળથી પસાર થતા હતા ત્યારે તેમના પત્નિ મંગુબેન ડાભીએ આ રસ્તે થઈને કેમ જાઓ છો તેમ કહી ગાળો બોલી ઝગડો કર્યો હતો. જેમાં દિલીપભાઈ તથા હંસાબેનને ઈન્દુભાઈ ડાભી, મંગુબેન ડાભી તથા કાંતિભાઈ નાથાભાઈ ડાભીએ ગમે તે કારણોસર હુમલો કરી લાકડીઓથી દિલીપભાઈ તથા હંસાબેનને ઈજા પહોંચાડી હતી. જેથી બાબુભાઈ ડાભીએ ચારેય જણા વિરૂદ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં દીપોત્સવ પર્વ અને નૂતન વર્ષની ઉલ્લાસભેર ઉજવણી

મોડાસા, તા. ૧૨

વિક્રમ સંવત-૨૦૭૫ને બંને જીલ્લાના પ્રજાજનોએ આનંદ ઉલ્લાસ અને આતશબાજી તેમજ ઝળહળતી રોશનીથી વધાવ્યો હતો. દીવડાઓના પ્રકાશ અને રોશનીના ઝગમગાટ કરીને જીલ્લાવાસીઓએ નવા વર્ષનો સત્કાર કરી આવકાર્યો હતો. પ્રજાજનોએ એકબીજાને ભેટી, મોં મીઠું કરાવીને નવા વર્ષની શુભકામનાઓ તેમજ સોશ્યલ મીડિયાના માધ્યમથી મેસેજની આપ-લે કરી શુભકામનાઓ પાઠવી રંગે ચંગે ઉજવણી કરી હતી. મોડાસા તાલુકાના રામપુર અને સાકરીયા ગામના અને મેઘરજના કેટલાક ગ્રામ્ય વિસ્તારમાં પ્રજાજનો અને પશુપાલકોએ વર્ષોથી ચાલી આવતી પરંપરા અનુસાર ગામની પાદરે પશુધન એકઠું કરી ફટાકડા ફોડી ભડકાવી નવા વર્ષની અનોખી અને પારંપરિક ઉજવણી કરી હતી.



અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના પ્રજાજનો નવા વર્ષની ઉજવણીમાં મશગુલ બન્યા હતા. અબાલ વૃદ્ધ સૌ કોઈ એકબીજાને ગળે મળી શુભેચ્છા પાઠવી હતી.

મોડાસાના સાકરીયા, રામપુર રાધાક્રિષ્ન મંદિરે અને મેઘરજ ગ્રામ્ય વિસ્તારોમાં સીમમાં નવા વર્ષની પરંપરા મુજબ ગામલોકો અને પશુપાલકોએ ગામના તમામ પશુઓને એકઠા કરી ફટાકડા ફોડી ભડકાવવામાં આવતા પશુઓની દોડાદોડીથી અનોખા દ્રશ્યો સર્જાયા હતા. પરંપરાગત વિધિ બાદ ગામલોકોએ મંદિરમાં ભગવાનના દર્શન કરી સામુહિક રીતે એકબીજાને ભેટી આવનારું નવું વર્ષ સૌકોઈને ફળદાઈ નીવડે તેવી શુભેચ્છા પાઠવી હતી.



ગ્રામજનોના જણાવ્યા અનુસાર નવા વર્ષની અનોખી ઉજવણી પાછળ વર્ષો પુરાણી માન્યતા રહેલી છે. સામાન્ય દિવસોમાં ફટાકડાથી ભડકેલા પશુઓ દોડાદોડી કરીને મનુષ્યને નુકશાન પહોંચાડે છે જયારે નવા વર્ષના દિવસે ફટાકડાથી ભડકાવેલા પશુઓ કોઈ વ્યકિતને શીંગડે ભરાવતા નથી. તદઉપરાંત પશુઓને ભેદી રોગ સામે રક્ષણ મળતું હોવાથી અને ખેતીની ઉપજમાં વધારો થવાની સાથે ગામમાં ભાઈચારો જળવાઈ રહે તે માટે પરંપરાગત ઉજવણી કરવામાં આવે છે અને આગામી વર્ષોમાં પણ પ્રજાજનો આ અનોખી પરંપરાનો વારસો જાળવશે હોવાનું જણાવ્યું હતું.

## જિલ્લા કલેકટરના ફટાકડા ફોડવાના જાહેરનામાનું સુરસુરિયું

અરવલ્લી જીલ્લા કલેકટર એમ.નાગરાજને જિલ્લામાં પ્રજાજનોએ રાત્રીના ૮ થી ૧૦ કલાક જ ફટાકડા ફોડવા જાહેરનામું બહાર પાડ્યું હતું અને જાહેરાનમાના ઉલ્લઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશેની ચીમકી ઉચ્ચારી હોવા છતાં જાહેરનામાનું સુરસુરિયું થઈ ગયું. સમગ્ર અરવલ્લી જિલ્લામાં અને મોડાસા શહેરમાં પ્રજાજનોએ દિવાળી પર્વની મોડી રાત્રી સુધી અને નવા વર્ષની પરોઢિયે ફટાકડા ફોડી બિન્દાસ્ત દિપાવલી પર્વની અને નવા વર્ષની ઉજવણી હર્ષોલ્લાસ સાથે મનાવી હતી.

# કણાદર ગામે સામાન્ય બાબતે ઝગડો થતા બે સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૧૨

વિજયનગર તાલુકાના કણાદર ગામે દિવાળીના દિવસે સામાન્ય બાબતે થયેલા ઝગડા દરમ્યાન બે જણાએ ભેગા મળી હુમલો કરી એક ઈસમને ઈજા પહોંચાડી હોવાની ફરીયાદ બેસતાવર્ષના દિવસે તિઠોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે ભિલોડા તાલુકાના વિરપુર ગામના મુકેશભાઈ ભુરજીભાઈ ગામેથીએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ દિવાળીના દિવસે કણાદર ગામના સોમાજી સોજાજી ખરાડી તથા તેમના પત્નિ કૈલાશબેન ખરાડીએ ભેગા મળી અજયભાઈ દિનેશભાઈ પરમાર સાથે ગમે તે કારણોસર ઝગડો કરતા મુકેશભાઈ ગામેથી વચ્ચે પડ્યા હતા. જેથી સોમાજી ખરાડી તથા તેમના પ્તનિ કૈલાશબેને ભેગા મળી મુકેશભાઈ પર હુમલો કરી ઈજા પહોંચાડી હતી. મુકેશભાઈ બંને જણા વિરૂદ્ધ બેસતાવર્ષે ચિઠોડા પોલીસસ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.




## લીંભોઈ ગામે બ્રહ્મ સમાજનો સ્નેહમિલન અને સન્માન કાર્યક્રમ યોજાયો

મોડાસા તાલુકાના લીંભોઈ ગામે નૂતન વર્ષ નીમીત્તે બ્રહ્મ સમાજ દ્વારા નિલેશભાઈ જોશીના અધ્યક્ષસ્થાને સ્નેહમિલન કાર્યક્રમ અને સન્માન સમારોહ યોજાયો હતો જેમાં સાબરકાંઠા પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ અને ધારાસભ્ય અંબાલાલ ઉપાધ્યાય, લીંભોઈ ગ્રુપ સેવા સહકારી મંડળીના ચેરમેન હસમુખ ઉપાધ્યાય, અરવલ્લી જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન ચિરાગ ઉપાધ્યાય, બ્રહ્મસમાજના અગ્રણી ઈશ્વરભાઈ ત્રિવેદીની ઉપસ્થિતિમાં તેજસ્વી તારલાઓનું મોમેન્ટો આપી સન્માન કરી બ્રહ્મસમાજમાં સરકારી અને ખાનગી ક્ષેત્રે સેવા નિવૃત થયેલા તથા શતાયુ વટાવી ચૂકેલ વડીલોને શાલ ઓઢાડી સન્માનિત કરાયા હતા અને સ્નેહ ભોજન યોજાયું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ગિરીશભાઈ, હેતાંશ, સુનિલ અને આશિત જોશી દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું હતું.



## ખેડબ્રહ્મા ડેપોમાંથી ઉપડતી ગાડીઓ લેટ ઉપડતાં પ્રજા પરેશાન

ખેડબ્રહ્મા શહેરમાં એસટી ડેપોની સેવાઓ દિવસે દિવસે કથળી રહી છે. ખેડબ્રહ્મા શહેરમાંથી ઉપડતી બસો સમયસર ન ઉપડતી હોવાનાં કારણે પ્રજાને પ્રાઈવેટ વાહનોનો સહારો લેવો પડે છે. આજરોજ ખેડબ્રહ્માથી નવસારી જવા નિકળતી બસ પોતાના નિયત સમય કરતા અડધો કલાક લેટ નીકળી હતી. દિવાળીની સિઝનને હાલમાં મુસાફરોનો ધસારો જોવા મળતા આ બસમાં મોટા ભાગનું એડવાન્સ બુકિંગ થયેલ હતું, તે તમામ મુસાફરો કોઈ બીજી ગાડીમાં પણ ન જઈ શકે, ન છુટકે અડધો કલાકે આવતા મુસાફરોએ હાશકારો અનુભવ્યો હતો.

# મોડાસાના સમર્થ કોમ્પલેક્ષની દુકાનમાં આગ લાગતા ભારે અફડાતફડી

મોડાસા શહેરના ચાર રસ્તા નજીક આવેલા નવજીવન ચોકમાં આવેલા સમર્થ કોમ્પ્લેક્ષમાં લાભપાંચમે બપોરે ભોંય તળિયાની એક દુકાનમાં અગમ્ય કારણોસર આગ લાગતા ધુમાડાના ગોટેગોટા નીકળતા કોમ્પ્લેક્ષમાં દુકાન ધારાવાતા



દુકાનદારો સહીત ગ્રાહકોમાં ભારે અફડાતફડી મચી હતી અને બહાર દોડી આવ્યા હતા.

દુકાનમાં આગ લાગતા મોડાસા નગરપાલિકા ફાયરબ્રિગેડ ટીમને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે ફાયર ફાયટર સાથે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવામાં સફળતા મળી હતી. સમયસર આગમાં કાબુ મેળવતા કોમ્પલેક્ષની અન્ય દુકાનોમાં આગ પ્રસરતી અટકતા અન્ય દુકાનદારોએ રાહતનો શ્વાસ લીધો હતો. સમર્થ કોમ્પ્લેક્ષમાં આગ લાગતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.

# અરવલ્લી જિલ્લાના ખેડૂતોને લાભ પાંચમ ન ફળી

## મગફળી અને સોયાબીનમાં મણે ૧૦૦થી ૧૫૦નું નુકશાન

મોડાસા, તા. ૧૨

સમગ્ર રાજયમાં પ્રમાણમાં ભાવ ન મળતા દિવાળી પર્વમાં ખેડૂત હૈયા હોળી જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. સરકારે



ખેડૂતોને પાક ઉપજના પૂરતા પરિવારોની આનંદ છીનવતા મગફળીના ટેકાના ભાવ જાહેર કર્યા બાદ ખરીદી શરુ ન થતા દિવાળી પર્વના વેકેશન બાદ લાભ પાંચમે બજારો ખુલતા ખેડૂતોની પાક ઉપજના અપૂરતા ભાવ મળતા આશા ઠગારી નીવડતા અરવલ્લી જીલ્લાના ખેડૂતોની હાલત કફોડી બની હતી.

અરવલ્લી જિલ્લા સહીત મોડાસા માર્કેટયાર્ડમાં લાભ પાંચમે ખેડૂતો તેમનો મહામૂલો પાક મગફળી અને સોયાબીન સહીત અડદ લઈ પાક ઉપજના સારા ભાવની આશાએ પહોંચતા હરાજીમાં મગફળી અને સોયાબીનના ૨૦ કિલોએ ૧૦૦ થી ૧૫૦ રૂપિયા ઓછા ભાવ પડતા ખેડૂતો સમસમી ઉઠ્યા હતા. દિવાળી પર્વ બાદ સરકારે જાહેર કરેલા ટેકાના ભાવે વધુ ભાવ મળવાની આશા સાથે પહોંચેલા ખેડૂતોને નવું વર્ષ અને લાભપાંચમ ફળી ન હોય તેવો અહેસાસ અનુભવ્યો હતો.

મંદીના માહોલમાં વહેવારો સાચવવા ખેડૂતો નુકશાન ભોગવી સસ્તા ભાવે માલ વેચવા મજબુર બન્યા હતા. લાભ પાંચમે બજાર ખુલતા મોડાસા સહીત જીલ્લાના માર્કેટયાર્ડમાં માલની આવક નહિવત રહી હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું.

# હિંમતનગરમાં બેસતુ વર્ષ અને ભાઈબીજની ઉલ્લાસભેર ઉજવણી

હિંદુઓમાં મહાપર્વ તરીકે ઉજવાતા દિવાળીના તહેવારોની સાબરકાંઠા જિલ્લાની પ્રજાએ ઉત્સાહભેર ઉજવણી કરીને પરીવાર તથા સ્નેહીજનોને મળી નવા વર્ષની શુભેચ્છા પાઠવીને તહેવારોનો આનંદ માણ્યો હતો. તથા હિંમતનગર સહીત જિલ્લાના વિવિધ સ્થળે આવેલા ધર્મસ્થાનોમાં બેસતાવર્ષ નિમિત્તે ભગવાનને અન્નકુટ ધરાવવાનું આયોજન કરાયુ હતું. અનેક પરીવારોએ લગ્ન, વાસ્તુ, સગાઈના પ્રસંગો પણ ઉજવ્યા હતા. બેસતાવર્ષના દિવસે લોકોએ એકબીજાને મળીને નવા વર્ષના સાલમુબારક કરી નવું વર્ષ શુભદાયી નિવડે તેવા મોબાઈલના માધ્યમથી સંદેશાઓ પાઠવ્યા હતા.



## માલપુરના પીપરણા ગામે બે મકાનમાં શોર્ટ શર્કિટ, આગ ભભુકતા ભારે અફડાતફડી

અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના પીપરણા ગામે પટેલ ફળિયામાં રવિવારે સવારે એક મકાનમાં શોર્ટ શર્કિટથી આગ લાગતા આગની ઝપેટમાં બાજુનું મકાન પણ આવી જતા બંને મકાનમાં લાગેલી આગથી ધુમાડાના ગોટે ગોટા બહાર નીકળતા ગામ લોકો દોડી આવ્યા હતા. પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવા પ્રયત્નો હાથ ધર્યા હતા. સમગ્ર ઘટનાની જાણ થતા મોડાસા નગરપાલિકાની ફાયર ટીમ, ફાયર ફાયટર સાથે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આગના પગલે બંને મકાનમાં રહેલો માલસામાન અને ઘાસચારો આગમાં સ્વાહા થઈ જતા પરિવારની હાલત કફોડી બની હતી.

# ભારતીય જનતા પાર્ટી અરવલ્લી જિલ્લા ભાજપ જિલ્લા કારોબારી હોદ્દેદાર બેઠક જિલ્લા કાર્યાલય ખાતે યોજાઈ

મોડાસા, તા. ૧૨

બેઠક અનુસંધાને અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યકર્તા સ્નેહમિલન




કાર્યક્રમ અંગે કાર્યક્રમ સફળ કરવા અનુસંધાને બેઠક યોજવામાં આવી હતી. બેઠક આગામી તા. ૧૬-૧૧-૨૦૧૮ના શુક્રવારના ઠરાવેલ તે અંગે સવારે ૧૦ કલાકે કુમકુમ પાર્ટી પ્લોટ, મોડાસા સ્થળે સમયસર અને બહોળી સંખ્યામાં કાર્યકર્તા ઉપસ્થિત રહે તેવુ આયોજન કરવા સુચન કરવામાં આવ્યું.

બેઠકમાં અરવલ્લી જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી, મહામંત્રી શામળભાઈ પટેલ, મહામંત્રી એસ.એમ. ખાંટ, પ્રદેશ કારોબારી સભ્ય કનુભાઈ પટેલ, પૂ. ધારાસભ્ય શ્રીમતિ ભીખીબેન પરમાર, ભીખુસિંહ પરમાર, પી.સી. બરંડા, ચંદ્રિકાબેન પટેલ, અદેસિંહ ચૌહાણ બેઠકમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

**નૂતન વર્ષાભિનંદન...**

નૂતન વર્ષનું સોનેરી પ્રભાત આપ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ લઈને આવે તેવી શુભ કામના પાઠવું છુ. તલોદ શહેરના પ્રત્યેક નાગરિકની સુખાકારી ઈચ્છતી હું આપણા સૌના નગરને સ્વચ્છ, સુંદર અને વિકાસશીલ બને તેવા આપણા સહિયારા પ્રયાસો સદાય રહે તેવી અપેક્ષા રાખું છુ. નવુ વર્ષ આપ સૌ માટે ફળદાયી અને લાભદાયી નિવડે તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરી આપના અવિસ્મરણીય સહકાર બદલ આભાર વ્યક્ત કરૂ છું. સૌને નૂતન વર્ષના હાર્દિક અભિનંદન.



**પુષ્પાબેન કિશોરસિંહ રાઠોડ**
**કોર્પોરેટર, તલોદ નગરપાલિકા**